# આકરુન્દના ધો.૧૦ના વિદ્યાર્થીની હોકી માટે પ્રુવન ટેલેન્ટ ખેલાડી તરીકે પસંદગી



બાયડ, તા.૬
ધનસુરા તાલુકાના આકરુન્દ ગામના ધો.૧૦ના વિદ્યાર્થીની સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ યોજનામાં પ્રવન ટેલેન્ટ ખેલાડી તરીકે પસંદગી થવાની સાથે પ્રવેશ પ્રક્રીયામાં હાજર રહેવાના નિર્દેષ મળતાં સમગ્ર વિસ્તારની પ્રજામાં ખુશાલી જોવા મળી છે. પ્રાપ્ત જાણકારી અનુસાર સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા વિવિધ જિલ્લાઓમાં સ્પોર્ટસ સ્કુલ શરુ કરવામાં આવી છે. જિલ્લા કક્ષાએ સ્પોર્ટસ સ્કુલમાં પ્રવેશ માટે પ્રવન ટેલેન્ટ (પીટી) ખેલાડીઓની પસંદગી થઈ રહી છે. જેમાં ધનસુરા તાલુકાના આકરુન્દ ગામના અને મોડાસાની કે.એન.શાહ હાઈસ્કુલમાં ધો.૧૦માં અભ્યાસ કરતા દેવ રાકેશભાઈ પટેલની હોકી ખેલાડી તરીકે પસંદગી કરવામાં આવી છે અને પસંદગી પામેલા ખેલાડીને વડોદરા સમા સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં પ્રવેશ પ્રક્રીયા માટે હાજર રહેવાનો સંદેશો મળતાં સમગ્ર શૈક્ષણિક સંકુલ અને આકરુન્દ ગામમાં અત્યારે આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે.

# પ્રાંતિજ ખાતે અમીનપુર ટેકરા ગરીબ વિસ્તારમાં પાણીનો કકરાટ



પ્રાંતિજ તા.૬
સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ અમીનપુર ટેકરા ની ગરીબ પ્રજા છેલ્લા પાંચ દિવસ થી પાણી માટે વલખા મારે છે અને અડધો થી એક કિલોમીટર દુર દુર થી પાણી ભરી લાવવા મજબૂર બની છે. પ્રાંતિજ ના અમીનપુર ટેકરા ઉપર છેલ્લા પાંચ દિવસથી પાણી ના આવતા આ વિસ્તાર ની ગરીબ પ્રજા હાલતો પાણી માટે વલખા મારે છે અને પાલિકામા રજુઆત બાદ પણ આ ગરીબ વિસ્તારના લોકોનુ કોઈ ના સાંભળતા રહીશોને પાણી માટે અડધો થી એક કિલોમીટર દુર દુર સુધી જવાનો વારો આવ્યો છે તો આ વિસ્તાર ના રહીશો ને પાણી ના મલતુ હોય છતાંય પ્રાંતિજ પાલિકા દ્વારા પાણી નુ ટેક્કર પણ આપવામા આવ્યુ નથી અને પાલિકામા છેલ્લા ચાર દિવસ થી રજુઆત બાદ પણ આ વિસ્તાર ના રહીશો ને પાણીના મળતા હાલતો રહીશો ને પાણી માટે આમતેમ વલખા મારે છે ત્યારે પ્રાંતિજ નગર પાલિકા આ ગરીબ પ્રજા સામે જોશે કે પછી ગરીબ છે એટલે હજુ મનથર ગતિએ કામ હાથમા લેશે એતો હવે આવનાર દિવસ માજ ખબર પડશે.

## ધો.૧ માં પ્રવેશની વયમર્યાદા બદલાતાં નવી અમલવારી શરુ

# જિલ્લાની ૨૩૭૧ સરકારી પ્રા.શાળાઓમાં જુન-૨૦૨૩ થી બાલવાટીકા ખોલવાનો નિર્ણય

## બાલવાટીકામાં પ્રવેશ મેળવનારા બાળકોની સંખ્યા શિક્ષકોના મહેકમમાં ગણાશે





બાયડ, તા.૬
ધો.૧માં નવા શૈક્ષણિક સત્રથી પ્રવેશ માટેની બાળકોની વયમર્યાદા ૬ વર્ષની કરાતાં બાળકો શાળાના પ્રવેશથી વંચિત ન રહી જાય તે માટે સરકાર દ્વારા નવા સત્રથી દરેક સરકારી શાળાઓમાં બાલવાટીકા ખોલવાનો નિર્ણય કર્યો છે. ધો.૧માં પ્રવેશના નવા નિયમથી બાળકો ઘટવાની અને અનેક શિક્ષકો વધમાં પડે તેવી ચાલતી દહેશતનો પણ અંત લાવી વિભાગ દ્વારા બાલવાટીકામાં પ્રવેશ મેળવનારા બાળકોની સંખ્યા શિક્ષકોના મહેકમમાં ગણવાનો નિર્ણય લીધો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકામાં ૨૩૧ સરકારી પ્રા.શાળાઓમાં બાલવાટીકા ખોલવાનો નિર્ણય લેવાયો છે પરંતુ જે શાળાઓમાં માત્ર એક જ શિક્ષક અને માંડ ૧ કે ૨ વર્ગો છે તેવી શાળાઓમાં બાલવાટીકા કેવી રીતે શરુ કરવી?? તે મુખ્ય શિક્ષકોને સમજાતું નથી. પ્રાપ્ત જાણકારી અનુસાર નવી રાષ્ટ્રીય શિક્ષણ નિતીનો ૩ વર્ષ પછી ગુજરાતમાં આગામી જુન-૨૦૨૩ના નવા શૈક્ષણિક સત્રથી અમલ થવા જઈ રહ્યો છે. નવી શિક્ષણ નિતી અનેક શિક્ષકો સમજ્યા નથી જેથી અડસટ્ટેનાં ગણિત મંડાઈ રહ્યાં છે. તેમાંય ધો.૧માં તા.૧ જુન-૨૦૨૩ની સ્થિતિએ ૬ વર્ષ પૂરા કર્યા હોય તેવા બાળકોને પ્રવેશ આપવાના નિર્ણયથી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની શાળાઓમાં આ વર્ષે ધો.૧માં ૩૦ હજાર બાળકો નવા નિયમથી પ્રવેશથી વંચિત રહી જાય તેવી સ્થિતિ પેદા થઈ છે. આ સંજોગોમાં શિક્ષણ વિભાગ દ્વારા રાજ્ય સરકારને નવી બાલવાટીકાઓ પ્રાથમિક શાળાઓમાં શરુ કરવા ભલામણ કરી હતી. તેનો સ્વીકાર થયા પી આગામી નવા શૈક્ષણિક સત્રથી સરકારી શાળાઓના બિલ્ડીંગમાં જ બાલવાટીકાઓ શરુ થશે. ૫ વર્ષ પૂરા કર્યા હોય તેવા બાળકોને બાલવાટીકામાં પ્રવેશ આપવાનો નિર્ણય કરાયો છે. અત્યાર સુધી સરકારી પ્રા.શાળાઓમાં ધો.૧ થી ૮ માં બાળકોને પ્રવેશ આપવામાં આવતો હતો પરંતુ પ્રથમ વખત બાલવાટીકામાં પ્રવેશની પ્રક્રીયા પણ શાળાના મુખ્ય શિક્ષક અને સ્ટાફે કરવાની રહેશે. બાલવાટીકા માટે અનેક શાળાઓમાં પૂરતી સગવડ નથી. જ્યારે અંતરીયાળ વિસ્તારોમાં પીવાના પાણીથી માંડી સેનિટેશનના પ્રશ્નો પણ નાના બાળકો માટે ઉભા થવાના છે. આ સંજોગોમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ સાબરકાંઠા અને અરવલ્લીએ બાલવાટીકાઓ તમામ શાળાઓમાં શરુ કરવા માટે સજ્જ હોવાનો આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો છે.

### સરકારી શાળાઓમાં બાલવાટીકા, ખાનગી શાળાઓ માટે મુશ્કેલ સમય

રાજ્યની સરકારી શાળાઓમાં ૫ વર્ષના બાળકો માટે બાલવાટીકામાં પ્રવેશનો સરકાર દ્વારા નિર્ણય લેવાતાં અને આર.ટી.ઈ.માં પણ તા. ૧ જૂન-૨૦૨૩ની સ્થિતિએ ૬ વર્ષ પૂરા કર્યા હોય તેવા બાળકોને ખાનગી શાળામાં પ્રવેશ આપવાના નિર્ણયથી ખાનગી શાળાઓ માટે હવે આગામી સમય મુશ્કેલ પૂરવાર થઈ રહ્યો છે. લાગે છે કે આવનારા દિવસોમાં અનેક ખાનગી શાળાઓ ભૂતકાળ બની જશે.

### જિલ્લામાં કેટલી શાળાઓમાં બાલવાટીકા શરુ થશે

| તાલુકો | બાલવાટીકા સંખ્યા |
| --- | --- |
| બાયડ | ૨૪૧ |
| ભિલોડા | ૨૩૮ |
| ધનસુરા | ૧૩૫ |
| માલપુર | ૧૩૯ |
| મેઘરજ | ૨૪૦ |
| મોડાસા | ૨૦૫ |
| હિંમતનગર | ૨૨૭ |
| પ્રાંતિજ | ૧૦૫ |
| તલોદ | ૧૪૫ |
| ઈડર | ૧૯૬ |
| વડાલી | ૯૫ |
| ખેડબ્રહ્મા | ૧૫ |
| પોશીના | ૧૧૩ |
| વિજયનગર | ૧૨૬ |

### રાષ્ટ્રીય શિક્ષણ નિતી પછી વિભાગને બ્રહ્મજ્ઞાન આવ્યું

પ્રથમથી જ અનેક બાળકોના ડાૅક્ટરોએ પણ કહ્યું છે કે બાળકને ૬ વર્ષની ઉંમર પછી શાળામાં મૂકવું જોઈએ જેથી તેના મગજનો પૂરો વિકાસ થયો હોય છતાં શાળાઓમાં ૫ વર્ષે ધો.૧માં પ્રવેશ અપાતો હતો. રાષ્ટ્રીય શિક્ષણ નિતીમાં જણાવેલ મુદ્દા અનુસાર ૬ વર્ષની ઉંમરે બાળકના મગજનો ૨૫ ટકા વિકાસ થતો હોવાનો દાવો કરાયો છે. એટલે કે નવી શિક્ષણ નિતી પછી વિભાગને બ્રહ્મજ્ઞાન લાધું હોય તેવું જણાઈ રહ્યું છે.

# આસ્થાનો આનંદ : મંદિરમાં શ્રી યંત્રની પ્રતિકૃતિની સ્થાપનાથી શ્રદ્ધાના ઘોડાપુર

## શ્રી યંત્રની ચાર ધામની પરીક્રમા યાત્રા સંપન્ન : પરિક્રમા યાત્રા ૧૭ દિવસમાં ૧૭ રાજ્યોમાંથી પસાર થઈ અંબાજી પરત આવી

ડીસા, તા. ૬
વિશ્વની સૌથી મોટી શ્રી યંત્રની પ્રતિકૃતિ ચારધામની યાત્રા પૂર્ણ કરી અંબાજી મંદિર ખાતે પરત આવી છે. આ પ્રસંગે જય ભોલે ગ્રૂપ, બનાસકાંઠાના કલેકટર અને મંદિરના વહીવટદાર સાથે પૂજારીઓ હાજર રહ્યા હતાં. વિશ્વનું સૌથી મોટું શ્રી યંત્ર બનાવવામાં કોઈ પણ વિઘ્ન ન આવે તેને ધ્યાને રાખી શ્રી યંત્રની પ્રતિકૃતિ યંત્રની અંબાજીથી ચારધામની પરિક્રમા શરૂ કરાવવામાં આવી હતી. ૧૭ દિવસમાં આ પરિક્રમા ૧૭ રાજ્યોમાંથી પસાર થઈ પરિક્રમા આજે ફરી અંબાજી મંદિરમાં પૂર્ણ થઈ હતી. ત્યારે શ્રી યંત્રની પ્રતિકૃતિને બનાસકાંઠા જિલ્લા કલેકટર સાથે અંબાજી મંદિરના વહીવટદાર અને જય અંબે ભોલે ગ્રુપ દ્વારા શ્રી યંત્રની આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ અંબાજી મંદિર





ખાતે શ્રી યંત્રની પ્રતિકૃતિને મૂકવામાં આવી હતી.ત્યારે મંદિર પરિસર માતાજીના જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું. વિશ્વનું સૌથી મોટું શ્રી યંત્ર : વિશ્વનું સૌથી મોટું શ્રી યંત્ર બનાવવાની કામગીરી અમદાવાદના જય ભોલે ગ્રુપ દ્વારા કરવામાં આવી રહી છે. ત્યારે હજી આ શ્રી યંત્રને બનાવવામાં બેથી ત્રણ મહિનાનો સમય લાગી શકે છે. આ વિશ્વના સૌથી મોટા શ્રી યંત્રનું ૨૨૦૦ કિલો જેટલું વજન છે. શ્રી યંત્રની કામગીરી પૂર્ણ થયા બાદ જગતજનની મા અંબાના નિજ મંદિરમાં જય અંબે ભોલે ગ્રુપ દ્વારા અર્પણ કરવામાં આવશે. શ્રી યંત્ર માતાજીને અર્પણ કરાશે : શક્તિપીઠ અંબાજી મંદિર કરોડો લોકોના આસ્થાનું કેન્દ્ર છે. તો મા જગત જનની અંબાના દર્શન અને માતાજીના ચરણોમાં શીશ નમાવવા માટે હજારો લાખોની સંખ્યામાં માઈભક્તો માના દરબારે આવતા હોય છે. માતાજીના ભક્તો માતાજી માટે અનેક પ્રસંગો સાથે સાથે શુભ કાર્ય પણ કરતા હોય છે. જેમાં અમદાવાદના જય અંબે બોલે ગ્રુપ દ્વારા વિશ્વનું સૌથી મોટું શ્રી યંત્ર બનાવી માતાજીના મંદિરમાં અર્પણ કરશે.

# જગાણા પાસેના ગોડાઉનમાંથી સબસીડીયુક્ત યુરિયા ખાતરનો જથ્થો ઝડપાયો

પાલનપુર તા.૬
સરકાર દ્વારા ખેડૂતોને અપાતા સબસીડીયુક્ત ખાતરને ઔદ્યોગિક એકમને વેચી નફો રળવાના ષડયંત્રનો પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે જગાણા ગામ નજીક આવેલા ગોડાઉનમાં સબસીડાઈઝ યુરિયા ખાતરનો જથ્થો ગેરકાયદે ઉતરતો હોવાની બાતમી આધારે રેડ કરી હતી. જ્યાં યુરિયા ખાતરની થેલી નંગ,૩૦૦ કિરું.૬,૫૭,૬૭૦.૨૦ તેમજ રૂ.૭ લાખની ટ્રક મળી કુલ રૂ.૧૩,૬૭,૬૭૦ નો મુદામાલ જપ્ત કરી એક શખ્સને ઝડપી પાંચ સામે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુર નજીક આવેલા જગાણા ગામની ચોકડી નજીક આવેલા વેરાઈ માતાના મંદિર બાજુમાં જતા રસ્તાપર આવેલા નેશનલ બલ્ક હેડીગ કોર્પોરેશન ના પ્રા.લી.ના ગોડાઉનમાં એક ટ્રક માંથી ગેરકાયદેસર યૂરિયા ખાતર ઉતરતો હોવાની બાતમી આધારે પોલીસે ખેતીવાડી અધિકારી સહિત પોલીસ સ્ટાફ સાથે ગોડાઉન ન.૭ માં રેડ કરી હતી. જ્યાં એક શખ્સ પોલીસને જોઈ કોટ કૂદી નાશી છૂટ્યો હતો. જ્યારે એક શખ્સ હાજર મળી આવ્યો હતો.જેમાં ખેતીવાડી અધિકારીઓએ આ સબસીડાઈઝડ યુરિયા ખાતર બનાવ્યા પછી એગ્રીકલચર ડીલરોને આપવામાં આવતું હોવાનું અને તે બાદ ખેડૂતોને આધાર ઓથેન્ટીફિકેશન થીંજ મશીન દ્વારા આપવામાં આવતું હોવાનું જણાવ્યુ હતું .જેમાં ખાતરની ૪૫ કિલો ની થેલી પર સરકાર દ્વારા અપાતી સબસીડી કપાત થયા બાદ પ્રત્યેક થેલી દીઠ રૂપિયા ૨૬૬.૫૦ રકમ લેવાની હોવાનું જાણવા મળ્યું હતું. પરંતુ સરકાર દ્વારા સબસીડી યુક્ત ખાતર ખેડૂતોને આપવાને બદલે ઔદ્યોગિક એકમોમાં મોટી રકમથી વેચાણ કરી મોટો આર્થિક નફો મેળવવા માટે સબસીડી યુક્ત ખાતર ઔદ્યોગિક એકમ સુધી પહોંચતું કરવા કાવતરું રચી કાનજીભાઈ દઝાભાઈ ચૌધરી ઉંમર વર્ષ ૪૪ ધંધો. ખેતી રહે. સરેલ, તાલુકો હારીજ, જિલ્લા. પાટણએ તેમજ જુનાડીસા ખાતે જય ગોગા એગ્રોના અધિધિકૃત લાયસન્સ ધારક પાસેથી સરકારી સબસીડી યુક્ત ખાતર ઔદ્યોગિક એકમોમાં વેચાણ કરવાના આશયથી ટ્રકમાં બિલ વગરનો મુદ્દામાલ ભરાવી અને જગાણા ખાતે આવેલ ગોડાઉન નંબર ૭ માં મોકલી આપ્યો હતો. જે ખાતરનો જથ્થો નરેશભાઈ રહે. ભટાસણ મારફતે જુના ડીસા ખાતે આવેલા જય ગોગા એગ્રો વાળા પાસેથી ભરેલો હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે ઈફકો યુરિયા ખાતરની ૨૭૦ થેલી કિરું.૫,૯૦,૫૭૯. ૨૦ તેમજ ક્રિભકો યુરિયા ખાતરની ૩૦ થેલી કિરું.૬૭,૦૯૧.૧૦ મળી કુલ યુરિયા ખાતરની થેલી નંગ ૩૦૦ કિરું.૬,૫૭,૫૭૦.૨૦ તેમજ ટ્રક કિરું.૭ લાખ મળી કુલ કિરું.રૂ. ૧૩,૫૭,૫૭૦.૨૦ નો મુદ્દામાલ જપ્ત કરી કાનજીભાઈ દઝાભાઈ ચૌધરી, ટ્રકચાલક મુકેશ રાવળ, ખાતરની હેરાફેરીમાં મદદ કરનાર નરેશભાઈ , જય ગોગા એગ્રોના પ્રોપરાઈટર, તેમજ અશોકભાઈ વિરમભાઈ ચૌધરી સામે ફરિયાદ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# ટીંબાકંપામાં અંબાજી મંદિરનો અચલ પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાયો





ગાંભોઈ, તા.૫
હિંમતનગર તાલુકાના ટીંબાકંપા(બાવસર)માં નવનિર્મિત અંબાજી મંદિરનો અચલ પ્રતિષ્ઠા મહોત્સવ સ્વ.ડાયાભાઈ ગંગદાસભાઈ વાડીયા પરિવારના મુખ્ય યજમાન પદે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે વૈદિક મંત્રોચ્ચાર સાથે મૂર્તિઓનું પ્રતિષ્ઠાન કરવામાં આવ્યું હતું. મહોત્સવ દરમિયાન શોભાયાત્રા, ધ્વજારોહણ, હોમ-યજ્ઞ, રાસ-ગરબા સહિત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. મહંતશ્રી મોહનદાસજી મહારાજ (વાંઢાય- કચ્છ)ઉપસ્થિત રહી આર્શીવચન આપ્યા હતા.

# રડોદરા અને આંજણા ચૌધરી પટેલ સમાજનું ગૌરવ



ધનસુરા, તા. ૬
બાયડ તાલુકાના રડોદરા ગામ ના વતની અને હાલ આણંદ જિલ્લામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા મનોજભાઈ બાબુભાઈ પટેલ અને નયનાબેન મનોજભાઈ પટેલ ના પુત્ર આયુષ પટેલ એ ધોરણ ૧૨ સાયન્સ ની પરિક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામ મેળવ્યું હતું. અને રડોદરા અને આંજણા ચૌધરી પટેલ સમાજ નું ગૌરવ વધાર્યું હતું.આયુષ પટેલ એ ધોરણ ૧૨ સાયન્સ ની પરીક્ષામાં ૯૯.૦૪ પર્સન્ટાઈલ રેંક મેળવી હતી. તો ગુજકેટ માં ૯૮.૭૪ પર્સન્ટાઈલ રેંક મેળવી હતી. આમ ધોરણ ૧૨ સાયન્સ માં ઉત્કૃષ્ટ પરિણામ મેળવી રડોદરા અને આંજણા ચૌધરી પટેલ સમાજ નું ગૌરવ વધાર્યું હતું જેને લઈને સહુએ અભિનંદન પાઠવ્યા હતા.

# પ્રાંતિજ નાની ભાગોળ વિસ્તારમાં ગટરનું કામ અધુરું છોડતા લોકો પરેશાન

**છેલ્લા એક વર્ષથી રજુઆત છતાંય જેસેથેની સ્થિતિ : ખુલ્લી ગટર ગંદકીને લઈને આજુબાજુમા રહેતા લોકો પરેશાન : મચ્છરજન્ય રોગચાળા ની ભીતી પણ આ વિસ્તારના લોકોને સંતાવે છે : ગંદકીથી ખદબદી ઉઠેલ ખુલ્લી ગટરથી રહીશોના નાકના ટેડવા પણ ફૂલી ગયા છે**





પ્રાંતિજ તા.૬
સાબરકાઠા જિલ્લાના પ્રાંતિજ નાનીભાગોળ વિસ્તાર માં આવેલ જાંબુડી વાસમા છેલ્લા કેટલાય સમય થી ગટર નું કામ અંધુરૂ છોડતા આજુબાજુમા રહેતા લોકો ગંદકી ને લઈ ને તોબાતોબા પોકારી ઉઠયા છે અને અસહ્ય ગંદકી થી આ વિસ્તાર ના લોકો ને રોગચાળા ની ભીતી જોવા મળી રહી છે. પ્રાંતિજ નાનીભાગોળ વિસ્તાર મા આવેલ જાંબુડીવાસ ખાતે છેલ્લા એક વર્ષ થી અંધુરી મુકેલ ગટર લાઈન નુ કામ એટલે મુકી દેતા આ વિસ્તાર ના રહીશો ની ઉધ હરામ થઈ ગઈ છે અને ખુલ્લી ગટર મા માત્ર પાઈપો મુકી દેતા કામ અધુરૂ છોડી દેતા અહી આ વિસ્તાર નુ આખુ ગંદુ પાણી આવે છે અને આ વિસ્તાર મા ભરાઈ રહેતા દુરગંધ માળે છે તો બીજીબાજુ અહીથી પ્રસાર થતા લોકો કે આજુબાજુમા રહેતા લોકો ને દુરગંધ મારે છે તો મેલેરીયા , કોલેરા સહિત મચ્છરજન્ય રોગો નો ભંય સંતાવે છે તો આ વિસ્તાર ના લોકો એ જયારે આ વિસ્તાર ના કોર્પોરેટરો ને પણ જાણ કરી હતી અને કોર્પોરેટરો ની ટમ પૂર્ણ થતા પાલિકામા પણ જાણ કરી છતાંય આજદીન સુધી અહી કોઈ જોવા પણ આવ્યુ નથી અને વિસ્તાર ના લોકો નુ કોઈ સાભળતુ નથી અને અહી આખા ગામનુ ગંદુપાણી આવે છે જેથી દુરગંધ મારે છે અને દુરગંધ ને લઈ ને આજુબાજુમા રહેતા લોકોને અહી રહેવુ પણ મુશ્કેલ બન્યુ છે છતાંય કોઈ જોવા પણ ફરકતુ નથી ત્યારે ગંદુપાણી અંહી જમા થતા દિવસે કે રાત્રી દરમ્યાન એટલી બધી દુરગંધ મારે છેકે અહીથી અવરજવર કરતા લોકો કે આજુબાજુમા રહેતા લોકોના નાક ના ટેડવા પણ ચડી જાય છે ત્યારે પાલિકા મા રજુઆત બાદપણ કોઈ નિકાલ ના આવતા હાલતો આ વિસ્તાર ના રહીશોને કમળો, કોલેરા,મેલેરિયા, ડેન્ગ્યુ જેવા રોગોનો ભંય પણ સંતાવે છે ત્યારે હવે જોવુ એ રહ્યુ કે આ અહેવાલ પ્રસિધ્ધ થયાબાદ પાલિકા મા બેઠેલ જવાબદાર તંત્ર અહી આવી ખરેખર સમસ્યા ને જોઈ અને યુધ્ધ ના ધોરણે ઝડપી કામ હાથ લેશે કે પછી હોતા હે ચલતા હે જેવી સ્થિતિ જોવા મળશે એ તો હવે આવનાર દિવસોમાજ ખબર પડશે ત્યારે હાલતો આ વિસ્તાર ના લોકો પાલિકા ના પાપે ગંદકી વચ્ચે જીવવા મજબૂર બન્યા છે તેવુ સ્પષ્ટ પણે જણાઈ આવે છે.